GJMH010043082022

દાખલ તારીખ: ૨૯–૧૨–૨૦૨૨
રજી.તારીખ :૨૯–૧૨–૨૦૨૨
ફેસલ તારીખ : ૦૧–૦૫–૨૦૨૬
અવધિ : વર્ષ–૦૩, માસ–૦૪, દિવસ–૦૨

**મહેસાણાની મે.ચોથી એડીશ્નલ સેસન્સ કોર્ટમાં, મુ.મહેસાણા.**

---

**શ્રી એસ.એસ.કાળે, ચોથા એડી.સેસન્સ જજ સમક્ષ**

**જજમેન્ટ તા.૦૧/૦૫/૨૦૨૬** **સેસન્સ કેસ નં.૧૦૫/૨૦૨૨**

**આંક–૮૩**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**
(લાંઘણજ પો.સ્ટે. પાર્ટ–એ નં.૧૧૨૦૬૦૩૮૨૨૦૩૫૯/૨૦૨૨)

**ફરીયાદપક્ષે :–વિ.એ.પી.પી.શ્રી એન.એસ.શાહ**

**વિરૂધ્ધ**

**આરોપીઓ:–**

(૧) **રાવળ આનંદભાઇ દશરથભાઇ**
ઉ.વ.આ.૩૦,
(૨) **રાવળ દશરથભાઇ સેંધાભાઇ**
ઉ.વ.આ.૫૫,
(૩) **રાવળ પુંજાબેન ડો/ઓ દશરથભાઇ સેંધાભાઇ**
ઉ.વ.આ.૨૫,
તમામ રહે.ધોળાસણ, તા.જી.મહેસાણા.

**આરોપીઓ તરફે વિ.વ.શ્રી જે.એલ.ઠાકોર**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૯/૦૬/૨૦૨૨ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૧/૦૬/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૨૯/૦૮/૨૦૨૨ |

| | |
|---|---|
| ચાર્જ ફ્રેમની તારીખ | ૧૬/૦૩/૨૦૨૩ |
| પુરાવો લીધા તારીખ | ૧૮/૦૮/૨૦૨૩ |
| જજમેન્ટ માટે મુકયા તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

આરોપીઓની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાવળ આનંદભાઇ દશરથભાઇ | ૨૯/૦૬/૨૨ | ૭/૧૨/૨૨ | ઇ.પી.કો.કલમ–૩૦૬,૪૯૮(૨), ૩૨૩,૧૧૪ મુજ | છુટી ગયા | – | – |
| ૨. | રાવળ દશરથભાઇ સેંધાભાઇ | – | આગોતરા જામીન ઉપર મુકત તા.૨૭/૦૬/૨૨ | – '' – | છુટી ગયા | – | – |
| ૩. | રાવળ પુંજાબેન ડો/ઓ દશરથભાઇ સેંધાભાઇ | – | આગોતરા જામીન ઉપર મુકત તા.૧૮/૦૬/૨૨ | – '' – | છુટી ગયા | – | – |

| | | |
|---|---|---|
| **બાબત** | **:** | **ઇ.પી.કો.કલમ–૩૦૬,૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબ.** |

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરીયાદી શ્રી સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એન.એસ.શાહ

આરોપીઓ તરફે : વિ.વ.શ્રી જે.એલ.ઠાકોર

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**:: ચુ કા દો ::**

(૧) આ કામે ઉપરોકત જણાવેલ આરોપી સામે આંક–૪ થી ઈ.પી.કો.ક.૩૦૬, ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબના ગુન્હા સંબંધે તહોમતનામું ફરમાવી તેમની સામેના કેસની ઇન્સાફી

કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

**<u>ફરીયાદપક્ષના કેસની હકીકત :–</u>**

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી લીલાબેન વા/ઓફ બળદેવભાઇ ઉર્ફે દશરથભાઇ સોમાભાઇ રાવળે તા.૧૧/૦૬/૨૦૨૨ ના રોજ લાંઘણજ પો.સ્ટે. એવી ફરીયાદ નોંધાવેલ કે, તેઓ મુળ ગોઝારીયા, આઇ.ટી.આઇ. પાછળ,સોસાટીમાં, તા.જી.મહેસાણાના રહેવાસી છે અને હાલ રાંધેજા, કુંભારવાસ, તા.જી.ગાંધીનગર ખાતે તેમના પરીવાર સાથે રહે છે અને ઘરામ કરે છે, તેમાન પતિ છત્રાલ મુકામે પ્રાઇવેટ ફેકટરીમાં નોકરી કરે છ, તેઓને સંતાનમાં ત્રણ બાળકો છે, જેમાં મોટો દિકરો દીલીપભાઇ છે, તેનાથી નાની દિકરી જાગૃતિબેન છે અને સૌથી નાની દિકરી દક્ષિણાબેન, ઉ.વ.૨૮ ની હતી, જેના લગ્ન ફરીયાદ આપ્યા તારીખથી છએક વર્ષ અગાઉ તેમની જ્ઞાતિના રીત રીવાજ મુજબ ઘોળાસણ, તા.જી.મહેસાણા ગામે આનંદભાઇ દશરથભાઇ નાઓ સાથે કરેલ હતા જેનાથી તેને સંતાનમાં એક દિકરી નામે આર્ચા ઉ.વ.૧૦ માસની છે, તેમની દિકરી દક્ષિણાબેન તેની સાસરીમાં સંયુકત પરીવારમાં બધા ભેગી રહેતી હતી.

તા.૧૦/૦૬/૨૨ ના રોજ બપોરના તેઓ તથા તેમનો દિકરો દિલીપભાઇ તથા તેની પત્ની શિલ્પા એ રીતેના તેમના ઘરે રાંધેજા મુકામે હાજર હતા દરમ્યાન બપોરના આશરે દોઢેક વાગ્યાના સુમારે મો.નં.૯૭૩૭૨૬૨૬૦૧ ઉપરથી તેમના મોબાઇલ

ઉપર ફોન આવેલ અને તેમને વાત કરેલ કે તમારી દિકરી દક્ષિણાને પેટમાં દુ:ખાતુ હોઇ અને ચકકર આવતા હોઇ ગઇ રાતના વખતે મહેસાણા લાયન્સ હોસ્પીટલમાં સારવાર સારૂ દાખલ કરેલ છે અને ભાનમાં છે તેવું તેમને જણાવતા જેથી તેઓ તથા તેમનો દિકરો દિલીપભાઇ તથા તેમના દિકરા દિલીપના મામાજી રાવળ ભરતભાઇ આત્મારામ તથા રાવળ અમરતભાઇ આત્મારામ બંને રહે.રાંધેજા, પીંપણજ રોડ ઉપર લીંબુડીયોના ખેતરમાં એ રીતેના ચારેય જણા રાવળ ભરતભાઇ આત્મારામની ઇકકો ગાડીમાં બેસી મહેસાણા લાયન્સ હોસ્પીટલમાં આવેલા અને તેમની દિકરી મહેસાણા લાયન્સ હોસ્પીટલમાં આઇ.સી.યુ. વોર્ડ નં.૨૮ સી માં દાખલ હોઇ, તે વોર્ડમાં તેઓ આવેલા અને તેમની દિકરી દક્ષિણાની સારવાર ચાલુ હતી અને તે બે ભાન અવસ્થામાં હતી અને દવાખાનામાં તેમના જમાઇ રાવળ આનંદભાઇ તથા તેમના કુટુંબીભાઇ રાવળ રોહીતભાઇ રાજુભાઇ તથા તેમની દિકરીની ફોઇજી રાવળ ગીતાબેન કનુભાઇ રહે.સામેત્રા વાળા એ રીતેના હાજર હતા. જેથી તેઓએ તેમના જમાઇ આનંદભાઇને પુછેલ તો તેમણે જણાવેલ કે ફીનાઇલ પી ગયેલ છે તેવું જણાવતા તેમની દિકરી બેભાન અવસ્થામાં હોઇ, તેઓ સારવાર સારૂ દવાખાનામાં રોકાયેલા અને તેમની દિકરી ભાનમાં આવવાની રાહ જોતા હતા દરમ્યાન તેમની દિકરી દક્ષિણાબેન ફરીયાદ આપ્યા તા.૧૧/૦૬/૨૦૨૨ ના સવારના આશરે સાડા પાંચેક વાગ્યે મરણ જતાં તેમના જમાઇ આનંદભાઇ ત્યાંથી જતા રહેલ અને

ફરજ પરના ડોકટરશ્રીએ મૃત જાહેર કરી પોલીસને જાણ કરેલ હતી. આ તેમની દિકરી દક્ષિણાબેન ઉ.વ.૨૮ ની તેમના ઘરે આવતી ત્યારે તેના પતિ રાવળ આનંદભાઇ દશરથભાઈની કોઇ બીજી છોકરી સાથે અફેર હોવાની અને તેના પતિ ફોન ઉપર કોઇને વાતોચીતો કરતા હોવાની અને આ બાબતે દક્ષિણા તેમને પુછતાં સચી હકીકત છુપાવી તેના પતિ તથા સસરા રાવળ દશરથભાઇ સેંધાભાઇ તથા નણંદ પુજાબેન ડો/ઓ દશરથભાઈ સેંધાભાઇ ત્રણેય રહે.ધોળાસણ, તા.જી.મહેસાણા વાળાઓ તેમની દિકરી દક્ષિણાને ઘરના કામકાજના બહાના કાઢી હેરાન પરેશાન કરતા હોવાની રજુઆત તેમની દિકરી તેઓને કરતા તેઓ તેનો ઘર સંસાર બગડે નહી તે સારૂ તેને સમજાવી તેની સાસરીમાં બધા સાથે હળીમળીને રહેવા સારૂ સમજાવતા હતા. તા.૨/૫/૨૦૨૨ ના રોજ બપોરના આ તેમની દિકરી દક્ષિણાબેન તેની ભાણી આર્યા ઉ.વ.૧૦ માસનીને લઇ તેની સાસરીમાંથી રીસાઇને તેમના ઘરે આવેલ હતી અને તેઓને તેના પતિ તથા સસરા તથા નણંદ પુજાબેન ત્રણેય જણાનો ઘરના કામકાજ બાબતે ખુબજ ત્રાસ વધી ગયેલ હોઇ, જે સહન ન થતાં રીસાઇને આવેલાની વાત કરતા તેઓએ તેમની દિકરી દક્ષિણાને સાંત્વના આપી સમજાવેલ હતી અને તેમની દિકરીએ તેના પતિએ મારઝુડ કરેલાની પણ વાત કરેલ અને તેમની દિકરી દક્ષિણાબેન આશરે પંદર દિવસ જેટલું તેમના ઘરે રોાયેલ હતી તે પછી તેના પતિ આનંદભાઇ તેને તડવા આવતા ફરીયાદીએ તેઓને પણ આ બાબતે ઠપકો આપી

સમજાવેલ અને તેમની દિકરી દક્ષિણાને તેની સાસરીમાં મોકલેલ હતી. તે પછી ફરીયાદ આપ્યાના આશરે ચાર પાંચ દિવસ અગાઉ તેમની દિકરી દક્ષિણાએ તેમને ફોન કરેલ અને જણાવેલ કે મારા પતિ તથા સસરા તથા નણંદ પુજાબેનનો મારા ઉપર ત્રાસ વધી ગયેલ છે જેથી મારે હવે જીવવાનો બીજો કોઇ રસ્તો રહેતો નથી તેવું કહેતા તેઓએ તેને સમજાવેલ હતી. આ તેમની દિકરી દક્ષિણાબેનને તેના પતિ રાવળ આનંદભાઇ દશરથભાઇ તથા સસરા રાવળ દશરથભાઇ સેંધાભાઇ તથા નણંદ રાવળ પુજાબેન ડો/ઓ દશરથભાઇ સેંધાભાઇ, ત્રણેય રહે.ધોળાસણ, તા.જી.મહેસાણા વાળાઓએ શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, મારઝુડ કરી, હેરાન પરેશાન કરતા, જે ત્રાસ તેમની દિકરી દક્ષિણાબેનને સહન ન થતાં જે ત્રાસથી કંટાળી તેમની દિકરી દક્ષિણાબેન ઉ.વ.૨૮ ની તેની સાસરીમાં કોઇ ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોઇ, તેમની આ ત્રણેય જણાઓ વિરૂધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ અને ફરીયાદમાં આ બનાવ તા.૦૯/૦૬/૨૦૨૨ ના રોજ સાંજના આશરે સાડા પાંચેક વાગ્યા પહેલા ધોળાસણ ગામે તેની સાસરીમાં બનેલ હોવાનું જણાવેલ છે.

(૩) ફરીયાદીએ લાંઘણજ પો.સ્ટે.ના ઇ.પો.ઇ.શ્રી રૂબરૂ ફરીયાદ જાહેર કરતા, ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ હકીકત લખી લઇ, સદર ગુનો દાખલ કરવા ફરજ પરના પી.એસ.ઓ.ને રીપોર્ટ સાથે મોકલી આપતા, પી.એસ.ઓ.એ લાંઘણજ પો.સ્ટે. પાર્ટ–એ

નં.૧૧૨૦૬૦૩૮૨૨૦૩૫૯/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ–૩૦૬, ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબનો ગુનો નોંધી, ડેપ્યુટ હુકમથી આગળની તપાસ પો.સ.ઈ.શ્રીને સોંપતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, જરૂરી પંચનામા કરેલા અને સ્થળ પરીક્ષણ કરવા સારૂ રીપોર્ટ કરેલ, મરણજનારની લાશનું શબ પરીક્ષણ કરાવેલ,જરૂરી પંચનામા કરેલા તેમજ ગુનાના કામે મુદ્દામાલ કબજે લીધેલ અને એફ.એસ.એલ. ખાતે તપાસ માટે મોકલી આપેલ આપેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ મહેસાણાના વિ.ચીફ જયુડી.મેજી.શ્રીની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ, જે ફોજદારી કેસ નં.૫૭૬૫/૨૦૨૨ થી દાખલ થયેલ.

(૪) ત્યારબાદ આરોપીઓને કેસના કાગળોની નકલ આપી, આરોપીઓ વિરૂધ્ધના ગુનાનું તહોમત સ્પષ્ટપણે સેસન્સ ટ્રાયેબલ હોય, વિ.ત્રીજા એડી.ચીફ જયુડી.મેજી.શ્રી, મહેસાણાનાઓએ આરોપીઓ વિરૂધ્ધનો કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ અન્વયે સેસન્સ કમીટ કરવાનો હુકમ કરેલ અને ત્યારપછી સદરહું કેસ સેસન્સ કમીટ થઈ ના.સેસન્સ કોર્ટ મહેસાણા તરફ આવતા સેસન્સ કોર્ટના રજીસ્ટરે સેસન્સ કેસ નં.૧૦૫/૨૦૨૨ થી નોંધવામાં આવેલ છે અને ત્યારપછી માનનીય સેસન્સ જજ સાહેબે આરોપીઓ વિરૂધ્ધના કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સારૂ અત્રેની કોર્ટને તબદીલ કરેલ છે.

(૫) સદર કામે આરોપીઓને નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ

મારા પુરોગામી ન્યાયાધીશ્રીએ આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ–૩૦૬, ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબના ગુનાનું ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૮ મુજબ આંક–૪ થી તહોમતનામું ફરમાવી અનુક્રમે આંક–૫ થી ૭ હેઠળ આરોપીઓનું નિવેદન લેતાં આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરેલ અને કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જાહેર કરેલ હોઇ, તેઓની સામે ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરેલ છે, જે નીચે મુજબ છે.

(૬) ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના સાક્ષી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચ–રાવળ પોપટભાઇ જુગાભાઇ | ૯ |
| ૨. | પંચ– તશાજી પ્રધાનજી ઠાકોર | ૧૧ |
| ૩. | પંચ–ભરતજી કાંતીજી ઠાકોર | ૧૩ |
| ૪. | પંચ–મહેશજી સોનાજી ઠાકોર | ૧૪ |
| ૫. | પંચ–જુહાજી સેંધાજી ઠાકોર | ૧૬ |
| ૬. | પંચ–રાવળ નેહાબેન અશ્વીનભાઇ | ૧૮ |
| ૭. | મેડીકલ ઓફીસર–ડો.લાલકૃષ્ણ ડાહ્યાલાલ જોષી | ૨૦ |
| ૮. | મેડીકલ ઓફીસર–પંકજભાઇ મહેન્દ્રભાઇ પંચાલ | ૨૫ |
| ૯. | મેડી.ઓફી.–ડો.કેતનકુમારક કનુભાઇ પટેલ | ૩૨ |
| ૧૦. | ફરીયાદી–રાવળ લીલાબેન બળદેવભાઇ | ૩૯ |
| ૧૧. | સાહેદ–બળદેવભાઇ સોમાભાઇ રાવળ | ૪૯ |
| ૧૨. | પો.ઇ.– વનરાજસિંહ રઘુવિરસિંહ | ૫૫ |
| ૧૩. | ત.ક.અધિ.–રમેશભાઇ શીવાભાઇ બારોટ | ૫૭ |

(૬.૧) આરોપીપક્ષે બચાવમાં સાહેદ તપાસેલ નથી.

(૭) ફરીયાદપક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલ છે.

| <u>ક્રમ</u> | <u>આંક</u> | <u>દસ્તાવેજનું વર્ણન</u> |
|---|---|---|
| ૧. | Exh.P-૧૦ /PW1 | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૨. | Exh.P-૧૨ /PW2 | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | Exh.P-૧૫ /PW4 | મરણજનારે બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૪. | Exh.P-૨૧ /PW7 | મરણજનારનું સારવારનું સર્ટી. (સાર્વજનીક હોસ્પી.જોરણંગ) |
| ૫. | Exh.P-૨૬ /PW8 | મરણજનારનું સારવારનું સર્ટી. (લાયન્સ હોસ્પી. હોસ્પી.,મહેસાણા) |
| ૬. | Exh.P-૨૭ /PW8 | મરણજનારની સારવાર અંગેના કેસ પેપર્સ |
| ૭. | Exh.P-33 /PW9 | મરણજનાર દક્ષિણાબેનની પી.એમ.નોટ |
| ૮. | Exh.P-૪૦ /PW10 | અસલ ફરીયાદ |
| ૯. | Exh.P-૫૦/PW9 | નિરાલીબેનની પી.એમ.નોટ |
| ૧૦. | Exh.P-૫૮ / સંમતીથી | દવાખાના વર્ધી નં.૧૮૮/૨૨ નો ઉતારો |
| ૧૧. | Exh.P-૫૯ / સંમતીથી | દવાખાના વર્ધી નં.૧૯૧/૨૨ નો ઉતારો |
| ૧૨. | Exh.P-૬૦ / સંમતીથી | જાણવા જોગ દાખલ કરી ધટતી કાર્યવાહી કરવા અંગે એ.એસ.આઇ.નો રીપોર્ટ |
| ૧૩. | Exh.P-૬૧ / સંમતીથી | જાણવા જોગ એન્ટ્રી નં.૨૯/૨૨ ની તપાસ સંભાળવા ના.પો.અધિ.મહેસાણાને કરેલ રીપોર્ટ |
| ૧૪. | Exh.P-૬૨ / સંમતીથી | દર્દી ભાનમાં આવ્યેથી મેડી.ઓફ. લાયન્સ હોસ્પી.મહેસાણાને જાણ કરવા કરેલ રીપોર્ટ |
| ૧૫. | Exh.P-૬૩ / સંમતીથી | ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ |
| ૧૬. | Exh.P-૬૪ / સંમતીથી | એફ.એસ.એલ.વાન મોકલવા કરેલ મેસેજ |
| ૧૭. | Exh.P-૬૫ / સંમતીથી | જાણવા જોગ એન્ટ્રી નં.૨૯/૨૨ ના તપાસના કાગળો પો.અધિ.શ્રી મહેસાણાને મોકલી આપેલ તે સંભાળી લેવા કરેલ રીપોર્ટ |
| ૧૮. | Exh.P-૬૬ / સંમતીથી | ગુનો રજીસ્ટર કરવા કરેલ રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૧૯. | Exh.P-૬૭ / સંમતીથી | ડેપ્યુટ હુકમ |
| ૨૦. | Exh.P-૬૮ / સંમતીથી | એકઝી.મેજી.શ્રી મહેસાણાને લાશનું ઇન્કવેસ્ટ ભરવા કરેલ રીપોર્ટ |
| ૨૧. | Exh.P-૬૯ / સંમતીથી | મરણજનારની લાશનું પેનલ ડો.શ્રી થી પી.એમ. કરવા કરેલ રીપોર્ટ |
| ૨૨. | Exh.P-૭૦ / સંમતીથી | મરણોત્તમર ફોર્મની કોપી |
| ૨૩. | Exh.P-૭૧ / સંમતીથી | પો.સ.ઈ. લાંઘણજને દવાખાના વર્ધીનં.૧૯૧/૨૨ ના કામે એકઝી.મેજી. રૂબરૂ ઇન્ક. ભરી લાશનું પી.એમ. કરેલ કાગળોની સ્ટે.ડા.માં નોંધ કરવા કરેલ રીપોર્ટ |
| ૨૪. | Exh.P-૭૨ / સંમતીથી | કોઝ ઓફ ડેથનું સર્ટી. |
| ૨૫. | Exh.P-૭૩ / સંમતીથી | ડી.એફ.એસ.ગાંધીનગરનો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૨૬. | Exh.P-૭૪ / સંમતીથી | મુદ્દામાલ રવાની પત્રક |
| ૨૭. | Exh.P-૭૫ / સંમતીથી | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પહોંચ |
| ૨૮. | Exh.P-૭૬ થી ૭૮ / સંમતીથી | આરોપીઓને અટક કર્યા અંગે સ્ટે.ડા.માં નોંધ કરવા કરેલ રીપોર્ટ |
| ૨૯. | Exh.P-૭૯,૮૦ / સંમતીથી | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર તથા મુદ્દામાલનો પરીક્ષણ રીપોર્ટની નકલ |
| ૩૦. | Exh.P-૮૧ / સંમતીથી | એફ.એસ.એલ., અમદાવાદનો ઝેરશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલની ખરી નકલ |

(૭.૧) આરોપી પક્ષે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

(૮) મટીરીયલ ઓબ્જેકટસ:

| **ક્રમ** | **મટેરીયલ ઓબ્જેકટસ** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | મરણજનારના કપડા લાવી રજુ કરતા પંચો રૂબરૂ કબજે કરેલ | એક જુની સાડી ચાલુ વપરાશની જે લીલા કલરની ઉભી આડી પીળા કલની નાની લાઈનીંગ વાળી કુલ ભાતની છે તે |

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી વિ. એ.પી.પી.શ્રીએ આંક–૮૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે ત્યારબાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ મુજબ આરોપીઓ વિરુધ્ધના સંજોગો અંગે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમા તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું, તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાનું અને તેઓએ આવો કોઇ ગુનો કરેલ ન હોવાનું જણાવેલ છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.એસ.શાહે મુખ્યત્વે દલીલ કરતા જણાવેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ આંક–૪ થી ઈ.પી.કો.કલમ–૪૯૮(ક), ૩૦૬, ૩૨૩, ૧૧૪ મુજબના ગુના અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તહોમતનામું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે ફરીયાદી મરણજનારના માતા રાવળ લીલાબેન બળદેવભાઇને, મરણજનારના પિતા રાવળ બળદેવભાઇ સોમાભાઇને, પંચ સાહેદો, મેડીકલ ઓફીસરશ્રીઓ અને ત.ક.અધિ.શ્રીને તપાસવામાં આવેલા છે. મરણજનારના લગ્ન આ કામના આરોપી નં. ૧ સાથે સમાજના રીત રીવાજ મુજબ ૨૦૧૬ ની સાલમાં થયેલા અને લગ્ન જીવનથી એક દિકરી ઉ.વ.૧૦ માસની છે, મરણજનાર તા.૯/૧૦/૨૦૨૨ ના રોજ ઝેરી દવા પી ગયેલ અને સારવાર દરમ્યાન તા.૧૧/૬/૨૨ ના રોજ મરણ ગયેલ છે, લગ્ન જીવવનો સમયગાળો જોવામાં આવે તો

સાત વર્ષથી અંદરનો છે. આરોપી નં.૧ નાને કોઇ બીજી સ્ત્રી સાથે સબંધ હોવાથી, આ બાબતે મરણજનારે તેમને પુછતાં સાચી હકીકત છુપાવેલ અને મરણજનારના પતિ આરોપી નં.૧ તથા સસરા આરોપી નં.ર રાવળ દશરથભાઇ સેંધાભાઇ તથા નણંદ આરોપી નં. ૩ પુજાબેન ડો/ઓ દશરથભાઇ સેંધાભાઇનાઓ મરણજનારને ઘરના કામકાજના બહાના કાઢી હેરાન પરેશાન કરતા હોવાની રજુઆત મરણજનારને તેની માતાને કરેલ અને મરણજનાર તા.ર/૫/ર૦રર ના રોજ તેની દિકરીને લઇ, સાસરીમાંથી રીસાઇને તેના ઘરે પિયરમાંઆવેલ હતી અને મરણજનારને તેના પતિ તથા સસરા તથા નણંદ પુજાબેન ત્રણેય જણાનો ઘરના કામકાજ બાબતે ખુબજ ત્રાસ વધી ગયેલ હોઇ, જે સહન ન થતાં રીસાઇને આવેલાની વાત કરેલી અને ફરીયાદી મરણજનારની માતાએ તેણીને સમજાવેલી અને ત્યારબાદ મરણજનારના પતિ આનંદભાઇ તેને તડવા આવેલ અને તેઓને પણ ફરીયાદીએ આ બાબતે ઠપકો આપેલ અને સમજાવેલ અને મરણજનાર દિકરીને તેની સાસરીમાં મોકલેલ ત્યારબાદ ફરીયાદ આપ્યાના આશરે ચાર પાંચ દિવસ અગાઉ મરણજનારે ફરીયાદીને ફોન કરેલ અને તેણીના પતિ તથા સસરા તથા નણંદ પુજાબેનનો ત્રાસ વધી ગયેલ હોવાનું જણાવેલ અને હવે જીવવાનો બીજો કોઇ રસ્તો રહેતો નથી તેવું કહેતા તેઓએ તેને સમજાવે હતી અને આરોપીઓએ મરણજનારને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, મારઝુડ કરી, હેરાન પરેશાન કરતા, જે ત્રાસ તેમની દિકરી

દક્ષિણાબેનને સહન ન થતાં જે ત્રાસથી કંટાળી મરણજનાર તેની સાસરીમાં કોઇ ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયેલ છે અને તે માટે આરોપીઓએ દુષ્પ્રેરણ કરેલ છે. આ કામે પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા છે પરંતુ ફરીયાદી મરણજનારની માતા અને મરણજનારના પિતાના પુરાવાથી તેમજ ત.ક.અધિ.શ્રીના પુરાવાથી અને ડો.શ્રીઓના પુરાવાથી મરણજનાર દક્ષિણાબેનનું ઝેરી દવા પીવાથી મૃત્યુ થયેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ સાહેદોના પુરાવાથી ગુજરનારને આરોપીઓ ધ્વારા માનસિક અને શારીરિક ત્રાસ આપવામા આવતો હતો અને આ ત્રાસ સહન ન થતાં ગુજરનારે ઝેરી દવા પી આત્મહત્યા કરેલી છે. ઇ.પી.કો.કલમ-૪૯૮(ક), ૩૦૬, ૧૧૪ મુજબના ગુના પુરવાર થાય છે. ઇ.પી.કો.કલમ-૧૦૭ ના તત્વો પુરવાર થાય છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો અને હાલના કામે મરણજનાર દક્ષિણાબેનનું આરોપી નં.૧ સાથે લગ્ન જીવન સાત વર્ષથી અંદરનું છે જેથી પુરાવા અધિનિયમ કલમ-૧૧૩ અન્વયે આરોપીઓએ મરણજનારને ત્રાસ આપી મૃત્યુ નિપજાવેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે. એફ.એસ.એલ.નો પુરાવો જોતાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે. આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમતનામું ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આરોપીઓને તકસીરવાન ઠરાવી યોગ્ય નશ્યત કરવા લંબાણપુર્વક દલીલ કરેલ છે.

(૧૧) આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને આરોપીઓએ મરણજનારને કોઇ દુષ્પ્રેરણ પુરૂ પાડેલ હોય તેવો કોઇ પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે આરોપી નં.૧ ના ગુજરનાર દક્ષિણાબેન સાથે ૨૦૧૬ ની સાલમાં લગ્ન થયેલા છે અને સદર લગ્નજીવન દરમ્યાન આરોપીઓ સામે ફરીયાદપક્ષ તરફથી કોઇ શારીરીક માનસિક ત્રાસ અંગેની ફરયાદ આપવામાં આવેલી નથી. ફરીયાદી મરણજનારના માતા રાવળ લીલાબેન બળદેવભાઇ તથા મરણજનારના પિતા બળદેવભાઇ સોમાભાઇ રાવળનો પુરાવો જોતાં તેમની દિકરી મરણજનારે તેમને સાસરીપક્ષનાઓ ત્રાસ આપતા હોવા અંગે કોઇ વાત કરેલ નથી અને મરણજનાર દિકરીને દવા પીધેલી હાલતમાં આરોપી નં.૧ આનંદભાઇ જ દવાખાને લઇ ગયેલા છે અને સારવારનો તમામ ખર્ચ અને દવાનો તમામ ખર્ચ આનંદભાઇએ કરેલ. ફરીયાદી રાવળ લીલાબેન બળદવેભાઇ હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને આ તમામ પંચ સાહેદોએ પંચનામાઓની હકીકતોને લેશમાત્ર સમર્થન્ કરેલ નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે મેડીકલ ઓફીસર શ્રી પંકજભાઇ મહેન્દ્રભાઇ પંચાલ ની આંક–૩૨ ની જુબાની જોતાં મરણજનારના શરીરના

બાહય ભાગે કોઇ ઈજા માલુમ પડેલ નથી કે કોઇ ફ્રેકચર માલુમ પડેલ નહી અને મેડીકલ ઓફીસરશ્રીએ પી.એમ. દરમ્યાન મરણજનારનું પ્રાથમિક સંભવીત કારણ જણાવેલ નથી. આ સાહેદના પુરાવાથી આરોપીઓએ મરણજનારને માનસિક અને શારીરિક ત્રાસ આપેલ હોવાનું અને તેના કારણે મરણજનારે કોઇ ઝેરી દવા પી આત્મહત્યા કરેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર થતી નથી. ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ–૩૦૬, ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબના ગુનાના આવશ્યક તત્વો સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે. આમ, ફરીયાદપક્ષ તેમનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઇ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–// મુ દ્દા ઓ //–**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ફરીયાદીની દિકરી મરણજનાર દક્ષિણાબેન વા/ઓ આનંદભાઇ દશરથભાઇ, ઉ.વ.૨૮ ના લગ્ન આરોપી નં.૧ સાથે આઠ વર્ષ પહેલા થયેલ હતા અને તેણીને લગ્ન જીવનમાં એક દિકરી નામે આર્યા ઉ.વ.૧૦ માસની છે અને મરનારના પતિને કોઇ બીજી જગ્યાએ અફેર ચાલતુ હોઇ જેથી મરનાર આ બાબતે તેના પતિ આરોપી નં.૧ નાને

કહેતા, આ બાબતે ઝઘડો કરી મરનારને તેના પતિ તથા સસરા આરોપી નં.ર તથા મરનારની નણંદ આરોપી નં.૩ નાઓએ શારીરિક માનસિક ત્રાસ આપી, મારઝુડ કરતા હોઈ, જે ત્રાસ મરનારનથી સહન નહી થતાં અને મરણજનારને મજબુર કરતા, મરનારે પોતાના ઘરે તા.૦૯/૦૬/૨૦૨૨ ના રોજ સાંજના પાંચેક વાગ્યે કોઇ ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન તા.૧૧/૦૬/૨૦૨૨ ના રોજ કલાક ૫.૩૫ વાગે મરણજતાં, તે રીતે આરોપીઓએ મરણજનાર દિક્ષિ્ણાબેનને લગ્ન જીવન દરમયાન શારીરિક અને માનસિક ત્રાસ આપી, મરણજવા માટે દુષ્પ્રેરણ પુરૂ પાડી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૦૬, ૩૨૩, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે?.

૨. શું હુકમ?

(૧૩) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો, કારણો અને તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-// કા ર ણો //-**

**મુદ્દા નં.૧ ની ચર્ચા :-**

(૧૪) આ મુદ્દો સાબિત કરવા માટે આ કામે ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદી /મરણજનારના માતા, પિતા, મેડીકલ ઓફીસરશ્રીઓ, પંચ સાહેદો અને ત.ક.અધિ.શ્રીને તપાસેલા છે. આ તમામના પુરાવા સગવડતા ખાતર નીચે દર્શાવવામાં આવેલ છે.

**<u>ફરીયાદી/મરણજનારના માતાનો પુરાવો</u>**:–

(૧૫) સાહેદ નં.૧૦, આંક–૩૯ થી રાવળ લીલાબેન બળદેવભાઇને તપાસવામાં આવેલા છે. આ સાહેદ મરણજનાર દક્ષિ્ણાબેનના માતા થાય છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ સમયે તેઓ રાંધેજા ખાતે રહેતા હતા. તેમના પતિ છત્રાલ નોકરી કરતા હતા. તેઓને ત્રણ બાળકો છે. જેમાં સૌથી મોટો દીલીપ, તેનાથી નાની દીકરી જાગૃતિ અને સૌથી નાની દક્ષીણા છે. દક્ષીણાના લગ્ન ધોળાસણ મુકામે આનંદભાઈ દશરથભાઈ સાથે કરેલા. આ લગ્ન ૨૦૧૬ માં માણસા મુકામે કરેલા હતા. અત્યારે તેમની દીકરીની દીકરી આર્યા તેમની દીકરીના સાસરે રહે છે. તા.૯/૬/૨૨ ના રોજ બપોરે દોઢેક વાગે તેમના જમાઈ આનંદે તેમને ફોન કરેલો કે તમારી દીકરીને પેટમા દુખાતુ હતુ, ચકકર આવતા હતા અને કહેલ કે લાયન્સ હોસ્પીટલમાં દાખલ કરેલ છે અને રાત્રે બાર વાગે લાવેલ છે. ફોન આવતાં તેઓ તથા તેમનો દીકરો દીલીપ તથા દીકરા દીલીપની વહુના બે મામા બધા લાયન્સ હોસ્પીટલ આવેલા. તેમની દીકરીને તેઓએ જોયેલી પરંતુ તેને ભાન ન હતુ. તેઓએ તેમના જમાઇને તેમની દીકરીના રીપોર્ટ બાબતે પુછતાં તેણે જણાવેલ કે રીપોર્ટ નોર્મલ છે. તેઓએ તેમની દીકરી ના મોઢે પટ્ટીઓ મારેલ હતી તે ખોલવાનુ કહેતાં તેમના જમાઈએ કહેલ કે પટ્ટીઓ ખોલસો તો તમારી દીકરી મરી જશે અને જવાબદારી તમારી રહેશે. તેઓ ગયા ત્યારે તેમની દીકરી જીવતી હતી કે મરી ગયેલી તે તેમને ખબર નથી. સવારે ચાર વાગે તેમની

દીકરીના મો ઉપરથી વેન્ટીલેટર વિ.સાધનો હતા તે કાઢી લેતા તેમને ખબર પડી કે દીકરી મરણ ગયેલ છે. તેઓએ બુમ પાડી તો તેમના જમાઈ ભાગી ગયેલા હતા. તેમની દીકરીના દાગીના ઉતારી લીધેલા. તે વખતે તેઓ હાજર ન હતા. તેમના જમાઈ આનંદ તથા તેના ઘરવાળાઓએ તેમના જમાઈના અગાઉ લગ્ન થયેલ હતા તેવી કોઈ હકીકત જણાવેલ નહી. અગાઉના લગ્ન કોઈ સાથે કયારે થયેલા તેની કોઈ માહીતી નથી. તેમની દીકરીને તેની નણંદ અને સસરા ત્રાસ આપતા હતા કે ગાળો બોલતા હતા અને કહેતા હતા કે તે તારા મા બાપના ત્યાં કશુ ભાળ્યુ નથી તેમ કહી ત્રાસ આપતા હતા અને સસરો આખો દિવસ ઘરે રહેતો હતો અને માથે ઓઢી રાખવાનુ કહેતા હતા. મહેમાનો બહુ આવતા હતા અને તમામ કામકાજ મારી દીકરીને કરવુ પડતુ હતુ તેથી મારી દીકરીને તેની દીકરી આર્યાને રમાડવાનો સમય મળતો ન હતો. તેમની દીકરીને વગડે લાકડા લેવા મોકલતા હતા અને ખોટી ધમકીઓ આપી ગાળો બોલતા હતા અને સસરા તો મારી નાખવાનુ પણ કહેતા હતા. તેમની દિકરી કોઇ દિવસ આરોપીઓના ત્રાસથી કંટાળીને તેમના ઘરે આવી હોય તેવું બનેલ નથી. તેમની દિકરીનું મોત કયા કારણે થયેલું તે તેમને ખબર નથી. તેમની દીકરીને તેની સાસરીવાળાઓએ મારી નાખેલી છે. જેથી લાયન્સ હોસ્પીટલમાં તેઓએ ફરીયાદ આપેલ. તેમને અસલ ફરીયાદ બતાવતા તેમાં તેમની સહી છે, જે ઓળખી બતાવતા ફરીયાદ આંક–૪૦ થી રજુ કરેલ છે. આરોપી તેમના જમાઈ હોવાથી તેઓને ઓળખતા

હોવાનું જણાવેલ છે. ફરીયાદીને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર પુછપરછ કરવા છતાં ફરીયાદમાંની હકીકતોને તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૧૫.૧) **આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે** તેમની દીકરીના લગ્ન તા. ૨૯/૫/૨૦૧૫ ના રોજ માણસા સમુહ લગ્નમાં થયેલા હતા અને લગ્નના એક વર્ષ પછી તે ઘર કરીને આરોપી સાથે ધોળાસણ મુકામે રહેતી હતી અને તેઓને એક આર્યા નામની દીકરી છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની દીકરીના લગ્ન થયા બાદ હાલની ફરીયાદ કરી, તે સમયગાળાની વચ્ચે તેમની દીકરી કદી રીસાઈને પીયર આવેલ હોય અને તે બાબતે કોઈ કેસો કરેલ હોય તેવુ બનેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ બનાવ બન્યો તે વખતે તેમના જમાઈએ તેમને ફોન કરેલો. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે દવાખાનામાં તેઓને તેમની દીકરી સાથે કોઈ વાતચીત થયેલી નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ તેમની મરણજનાર દીકરીની અંતિમ ક્રિયા સારૂ તેમના પીયરમાં લઈ જવા માટે કોઈ પ્રયત્ન કરેલ નહી કે પોલીસને કોઈ વાતચીત કરેલી નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે દવાખાનાનુ બીલ તેમના જમાઈએ ભરેલુ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની દીકરી મૈયત થઈ ત્યારથી આજદીન સુધી તેઓ તેની ભાણી આર્યાને લઈ જવા કોઈ કાર્યવાહી કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર

કરેલ છે કે તેમની બીજી દીકરી જાગૃતી પણ ઘરે રીસાઈને બેઠેલ હતી અને તેઓના સાસરીપક્ષના લોકો ઉપર તેઓએ ભરણપોષણના તેમજ ત્રાસના કેસો કરેલ છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે જાગૃતીના સાસરી પક્ષવાળા પાસે પૈસા લઈ સમાધાન કરેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે દવાખાને ગઈ ત્યારે તેમની દીકરી મરણ ગયેલ હોય તેમને કંઈ સમજણ પડતી ન હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસ ફરીયાદ લેવા આવી ત્યારે સાસરી પક્ષના તેમજ તેમાન કુટુંબી હાજર હતા અને ફરીયાદ તેમના કુટુંબવાળાઓએ ભેગા થઈ લખાવેલી.

એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ તેમની પોલીસ ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''અમોએ અમારા જમાઈને અમારી દીકરીના રીપોર્ટ બાબતે પુછતાં તેણે જણાવેલ કે રીપોર્ટ નોર્મલ છે. અમોએ અમારી દીકરી ના મોઢે પટ્ટીઓ મારેલ હતી તે ખોલવાનું કહેતાં અમારા જમાઈએ કહેલ કે પટ્ટીઓ ખોલસો તો તમારી દીકરી મરી જશે અને જવાબદારી તમારી રહેશે. અમો ગયા ત્યારે મારી દીકરી જીવતી હતી કે મરી ગયેલી તે મને ખબર નથી. સવારે ચાર વાગે મારી દીકરીના મો ઉપરથી વેન્ટીલેટર વિ.સાધનો હતા તે કાઢી લેતા અમને ખબર પડી કે દીકરી મરણ ગયેલ છે. મે બુમ પાડી તો મારા જમાઈ ભાગી ગયેલા હતા. મારી દીકરીના દાગીના ઉતારી લીધેલા. તે વખતે હુ હાજર ન હતી. અમારા જમાઈ આનંદ તથા તેના ઘરવાળાઓએ અમારા જમાઈના અગાઉ લગ્ન થયેલ હતા તેવી કોઈ હકીકત જણાવેલ નહી.

અગાઉના લગ્ન કોઈ સાથે કક્યારે થયેલા તેની કોઈ માહીતી નથી. મારી દીકરીને તેની નણંદ અને સસરા ત્રાસ આપતા હતા કે ગાળો બોલતા હતા અને કહેતા હતા કે તે તારા મા બાપના ત્યાં શકુ ભાડયુ નથી તેમ કહી ત્રાસ આપતા હતા અને સસરો આખો દિવસ ધરે રહેતો હતો અને માથે ઓઢી રાખવાનુ કહેતા હતા. મહેમાનો બહુ આવતા હતા અને તમામ કામકાજ મારી દીકરીને કરવુ પડતુ હતુ તેથી મારી દીકરીને તેની દીકરી આર્યાને રમાડવાનો સમય મળતો ન હતો. અમારી દીકરીને વગડે લાકડા લેવા મોકલતા હતા અને ખોટી ધમકીઓ આપી ગાળો બોલતા હતા અને સસરા તો મારી નાખવાનુ પણ કહેતા હતા''.

<u>**મરણજનારના પિતાનો પુરાવો**</u>:-

(૧૬) સાહેદ નં.૧૧, આંક-૪૯ થી બળદેવભાઇ સોમાભાઇ રાવળને તપાસવામાં આવેલા છે. આ સાહેદ મરણજનાર દક્ષિ્ણાબેનના પિતા થાય છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓને એક દીકરો અને બે દીકરીઓ હતી. બે દીકરીઓ પૈકી એક દીકરી મરણ પામેલ છે. જે દીકરી મરણ પામેલ તેનુ નામ દક્ષીણા હતુ. તેના લગ્ન આનંદકુમાર સાથે તેમની જ્ઞાતીના રીતરીવાજ મુજબ ધોળાસણ મુકામે કેટલા વર્ષ અગાઉ લગ્ન થયેલ તે તેમને યાદ નથી. સાહેદે જણાવેલ છે કે બનાવના સાત આઠ વર્ષ પહેલા થયેલા હતા. આનંદ ભાઈ કોર્ટમાં વકીલાતનુ કામ કરે છે. દક્ષીણાનુ સાસરૂ ધોળાસણ મુકામે હતુ. તેની સાસરીમાં કોણ રહેતુ હતુ તે તેમને ખબર નથી. દક્ષીણાના લગ્ન કર્યા બાદ તે

ધોળાસણ રહેતી હતી અને તેના લગ્ન જીવન દરમ્યાન શુ બનાવ બનેલ હતો તેની તેમને ખબર નથી અને તે વિશે તેઓ કંઈ જાણતો નથી. તેમની દીકરી દક્ષીણાએ કેમ આત્મહત્યા કરી તે વિશે તેમને કંઈ ખબર નથી, તેમને કોઈએ કંઈ કીધેલ નથી કે કંઈ જાણતો નથી. તેમની દીકરી દક્ષીણાને તેના સસરા દશરથલાલ અને તેની દીકરીનો ત્રાસ હતો એવી તેમને માહીતી મળેલી. આનંદ કોઈ ત્રાસ આપતો હોય તેવુ તેમને લાગતુ નથી. સાહેદે જણાવેલ છે કે થોડો ધણો ત્રાસ આનંદ પણ આપતો હશે. દક્ષિણાનુ મૃત્યુ કેવી રીતે થયેલ તેની તેમને માહીતી નથી. તેમને પાછળથી જાણવા મળેલ કે તેમની દીકરીએ ઝેરી દવા પી લીધી હોવાથી મૃત્યુ થયેલ. દવા પીવાના લીધે તેમની દીકરીને લાયન્સ હોસ્પીટલમાં દાખલ કરેલી. તેમની દીકરી દક્ષિણાની અંતીમક્રિયા ધોળાસણ મુકામે તેના સાસરે કરવામાં આવેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીઓને ઓળખતા હોવાનું જણાવી આરોપીઓ પૈકી પૈકી કોર્ટમાં આનંદ હાજર હોવાનું જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે અને બાકીના આરોપીઓનો માફી રીપોર્ટ આપેલ છે.

(૧૬.૧) **આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે** તેમની દીકરીનુ મૃત્યુ થયેલ તેના આઠ વર્ષ અગાઉ તેણીના લગ્ન થયેલ. એ હકીકતનો ઇનકાર કરેલ છે કે તેમની દીકરી આનંદના ઘરેથી કયારેય રીસાઈને આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની દીકરી રીસાઈને તેમના ઘરે આવેલ હોય તે કારણે તેઓએ આનંદ વિરૂધ્ધ કેસ કર્યા હોય તેવુ

બનેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની દીકરીએ તેને, સાસરીઓ ત્રાસ આપતા હોવા અંગે કોઈ વાત કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની દીકરીને દવા પીધેલી હાલતમાં આનંદ જ દવાખાને લઈ ગયેલો. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે સારવારનો તમામ ખર્ચ અને દવાનો તમામ ખર્ચ આનંદે કરેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની દીકરીના મરણ બાદ તેમાના સગા સબંધી ભેગા થયેલા. એ હકીકતનો ઈનકાર કરેલ છે કે આ સગા સબંધીઓએ નકકી કરેલ હોવાથી આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નથી.

**<u>મેડીકલ ઓફીસરશ્રીઓનો પુરાવો :–</u>**

(૧૭) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૭ ડો.લાલકૃષ્ણ ડાહ્યાલાલ જોષીને આંક–૨૦** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ બી.એચ.એમ.એસ.નો અભ્યાસ કરેલ છે અને જોરણંગ મુકામે આવેલ સાર્વજનીક હોસ્પીટલ ખાતે એમ.ઓ તરીકે ૨ વર્ષથી ફરજ બજાવે છે. તા. ૯/૬/૨૨ ના રોજ તેમની ફરજ ઉપર તેઓ હાજર હતા તે દરમ્યાન દર્દી નામે દક્ષીતાબેન આનંદભાઈ રાવળ ઉ.વ.૨૩ નાઓને તેમના સગા સબંધીઓ સારવાર સારૂ સાંજે સાડા પાંચ વાગ્યા પછી તેમની પાસે લાવવામાં આવેલા અને તેઓ સંપુર્ણ ભાનમાં હતા અને તેઓની બી.પી.,ટેમ્પરેચર સામાન્ય હતુ. તેઓને પુછતાં તેઓએ જણાવેલ કે મે કંઈક દવા લીધેલ છે તેવુ જણાવેલ. બાદ તેમના

સગાવ્હાલાઓને પુછતાં તેમણે જણાવેલ કે કંઈક લીધુ છે પણ શુ લીધેલ છે તે તેઓ જાણતા નથી. બાદ તેઓને બેસાડી અને ગેસ્ટીક તપાસ કરવી પડે તેના માટે નાકમાં નળી નાખેલી. બાદ તેઓને ૧૦ થી ૧૫ મીનીટ બાદ તેઓને સલાહ આપેલ કે તમો આઈ.સી.યુ.હોસ્પીટલ અથવા લાયન્સ હોસ્પીટલમાં વધુ સારવાર સારૂ મોકલી આપેલા. દર્દી સાથે આવેલ સગાઓ આગળ વધુ સારવાર સારૂ તેમની હોસ્પીટલમાંથી લઈ ગયેલા. તેઓએ દર્દીને સારવાર સર્ટી. આપેલ. તેમને નિ. ૩/૧૯ બતાવતા જે તેમના હસ્તાક્ષરમાં છે, નીચે તેમની સહી તથા હોસ્પી.નો સીકકો છે, જેમાં તેમની સહી છે, ઓળખી બતાવી આંક–૨૧ થી રજુ કરેલ છે.

(૧૭.૧) **આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે** દર્દીને જયારે તેમની પાસે લાવ્યા ત્યારે તે સંપુર્ણ ભાનમાં હતા અને દર્દીએ કોઈના ત્રાસથી ઝેરી દવા પીધેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી અને તેઓએ નળી નાખ્યા સ્વિાય બીજી કોઈ સારવાર કરેલ નથી.

(૧૮) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૮ ડો. પંકજભાઈ મહેન્દ્રભાઈ પંચાલને આંક–૨૫** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ એમ.બી.બી.એસ/એમ.ડી સુધીનો અભ્યાસ કરેલ છે અને છેલ્લા અઢી વર્ષથી લાયસન્સ હોસ્પીટલ, મહેસાણા ખાતે ફીજીસીયન તરીકે ફરજ બજાવે છે. સદર દર્દીને જોરણંગ હોસ્પીટલથી પ્રાથમીક સારવાર આપ્યા બાદ અત્રેની હોસ્પીટલમાં રીફર કરવામાં આવેલા. તા. ૯/૬/૨૨ ના

રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન દર્દી નામે દક્ષીતાબેન આનંદભાઈ રાવળ ઉ.વ.૨૮ રહે. ધોળાસણ વાળાનાઓને તેમના પતિ દ્વારા સારવાર સારૂ લાવવામાં આવેલા અને તે બે ભાન અવસ્થામાં હતા. તેઓની બી.પી. ૧૧૦/૭૨ હતુ, ધબકારા ૮૪ % હતા, આંખની કીકી પીન પોઈન્ટ હતી. ફેફસાની તપાસ કરતાં તેમાં બંને બાજુ કેપ્રિટેશન હતા, દર્દી આવતાં તેઓએ તેને દાખલ કરી સારવાર શરૂ કરી હતી. દર્દીને ઓકસીજન અને વેન્ટીલેટરનો સપોર્ટ આપવામાં આવેલો તેમજ ગેસટ્રીક લવાજ આપવામાં આવેલ, તેમને એટ્રોપીક ઈન્જેકશન અને પ્રેલીડોઈઝાઈમ આપવામાં આવેલ, સાથે લોહીના રીપોર્ટ પણ મોકલવામાં આવેલા, જે રીપોર્ટમાં લોહીની ટકાવારી ૧૩.૦૨ %, ટી.સી. ૨૨,૯૦૦ તેમજ સીરમ કોલીન એસ્ટ્રેજ લેવલ ૨૦૦ થી ઓછુ હતુ, આર.બી.એસ ૨૯૬ હતુ, દર્દીની સારવાર કરવામાં આવેલ અને તા. ૧૧/૬/૨૨ ના રોજ સવારે ૫.૩૫ વાગે કારડ્રીઓ રેસ્પીરિટરી એરેસ્ટ ( હદય અને ફેફસા બંધ પડી જવાથી) મૃત્યુ પામેલ. લાશ પી.એમ. માટે લાંઘણજ સી.એચ.સી ખાતે રીફર કરવામાં આવેલ. આ દર્દીએ કોઈ અજાણી ઝેરી દવા પીધેલાનુ તેમનું માનવું છે. તેમને નિ. ૩/૨૦ બતાવતા જે આર.એમ.ઓશ્રી સુરેશભાઈ ગેહલોતના હસ્તાક્ષરમાં છે નીચે તેઓની સહી તથા હોસ્પી.નો સીકકો છે, જેમાં તેમની સહી છે, જે ઓળખી બતાવી આંક–૨૬ થી રજુ કરેલ છે. તેઓ દર્દીના અસલ

કેસ પેપર્સ પેજ–૨૫ માં લાવેલ, જેમાં તેમની સહી છે, જે ઓળખી બતાવી આંક–૨૭ થી રજુ કરેલ છે.

(૧૮.૧) **આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે** દર્દીની તેમની સમક્ષ સારવાર કરવા લાવેલા તે અગાઉ પ્રાથમિક સારવાર જોરણંગ ખાતે કરવામાં આવેલ હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે દર્દીને તેમની સમક્ષ લાવેલા ત્યારે તે બેભાન અવસ્થામાં હતા અને દર્દીને દાખલ કરેલ ત્યારથી તા.૧૧/૬/૨૨ ના રોજ મૃત્યુ પામેલ ત્યાં સુધી ભાનમાં આવેલ નહી અને દર્દીના શરીર ઉપર કોઇ જાતના ઈજાના નિશાન હતા નહી.

(૧૯) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૯ ડો. કેતનકુમાર કનુભાઇ પટેલને આંક–૩૨** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ એમ.બી.બી.એસ સુધીનો અભ્યાસ કરેલ છે અને છેલ્લા ૧૫ વર્ષથી સીવીલ હોસ્પીટલ, મહેસાણા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તા.૧૧/૬/૨૨ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર સીવીલ હોસ્પીટલ મહેસાણા ખાતે હાજર હતા ત્યારે એ.એસ.આઈ ભગવાનસિંહ બ.નં.૨૩૪૧ લાંધણજ પો.સ્ટે.વાળા દક્ષીણાબેન વા/ઓફ આનંદભાઈ રાવળના શબનુ શબપરીક્ષણ કરવા સારૂ તેમની પાસે પંચનામુ કરી લાવેલા. જેમનુ શબ પરીક્ષણ તેઓએ તથા પેનલ ડૉ.એ. આર. પ્રજાપતિનાઓએ કરેલુ. આ શબ લાયન્સ હોસ્પીટલમાંથી લાવવામાં આવેલુ. જેનુ શબ તથા શબ

પરીક્ષણ કરવા સારૂનુ પંચનામુ તેઓને તા.૧૧/૬/૨૨ ના રોજ બપોરે એક વાગે મળેલ. જેનુ શબ પરીક્ષણ તેઓએ તે જ દિવસે બપોરે ૧.૧૫ વાગે ચાલુ કરેલ અને આ શબનુ શબ પરીક્ષણ તે જ દિવસે બપોર ૨.૧૫ વાગે પુર્ણ કરવામાં આવેલ. શબનુ બાશય દેખાવ જોતાં એક સ્ત્રીની લાશ હતી તેની ઉંમર આશરે ૨૮ વર્ષ જેવી હતી. તે સમયે શબ ઉપર લાલ પીળો બ્લાઉઝ અને લીલો ચણીયો હતો, કપડા ઉપર કોઈ ડાઘ ન હતા, લાશ ઓળખાયેલી હતી, તેણીનો બાંધો જોતાં સામાન્ય હતો અને શરીર છુટુ પડેલ હતુ, આ શબ ગળાના ભાગેથી તેમજ બંને હાથના ભાગેથી અકડાઈ ગયેલ હતુ, શબનુ પ્રમાણ શરીરના પાછળના ભાગે અને જે ભાગ જમીને અડતો હતો ત્યાં ન હતો, શબનો દેખાવ જોતાં સામાન્ય હતો. બંને આંખો બંધ હતી, મોઢુ બંધ હતુ, જીબ મોની અંદર હતી, તેણીના મોઢા,કાન કે નાકમાંથી કોઈ પ્રવાહી વહેતુ ન હતુ, ગુપ્ત ભાગે તપાસ કરતાં કોઈ ઈજા ન હતી. શરીરના બાહય ભાગે તપાસ કરતાં કોઈ બાહય ઈજા માલુમ પડેલ નહી, કોઈ ફેકચર માલુમ પડેલ નહી. શબની આંતરીક તપાસ કરતાં માથાના ભાગે ત્વચા નીચે કોઈ અજુગતુ માલુમ પડેલ નહી, ખોપરીના ભાગે જોતાં કોઈ ફેકચર માલુમ પડેલ નહી, મગજને ખોલીને જોતાં તેમાં લોહી ભરાયેલુ ( કંજેસ્ટેડ) હતુ, છાતીના ભાગે અંદરની તપાસ કરતાં છાતીની દીવાલ, પાંસડીઓ, મૃદુ હાડકામાં કોઈ ફેકચર માલુમ પડેલ નહી, ફેકસાનો પડતો કં જેસ્ટેડ હતો, તેણીના બંને ફેફસા ખોલીને જોતાં તેમાં લોહી ભરાયેલુ (કંજેસ્ટેડ) માલુમ પડેલ,

રદયને ખોલીને જોતાં જમણા ભાગમાં લોહી ભરાયેલ હતુ અને ડાબો ભાગ ખાલી હતો, મોટી રકતવાહીનીઓમાં કોઈ અજુગતુ માલુમ પડેલ નહી. પેટની અંદરની તપાસ કરતાં પેટની દીવાલ પેટની અંદરની ત્વચાનુ આવરણ અને પેટના પોલાણમાં કોઈ અજુગતુ માલુમ પડેલ નહી, અન્નળીને ખોલીને જોતાં તેમાં કોઈ અજુગતુ માલુમ પડેલ નહી, હોઝરીને ખોલીને જોતાં તેમાં ૩૦ થી ૪૦ એમ.એલ જેટલુ કાળુ પ્રવાહી માલુમ પડેલ, નાના આંતરડાને જોતાં તેમાં અર્ધ પચેલ ખોરાક માલુમ પડેલ, મોટા આં તરડાને જોતાં તેમાં મળનો ભાગ માલુમ પડેલ, તેણીના ચકૃત, બરોડ, મૃતપીડોને જોતાં તેમાં લોહી ભરાયેલ ( કંજેસ્ટેડ) માલુમ પડેલ, પેશાબની કોથળીમાં ૩૦ થી ૪૦ એમ.એલ. જેટલુ પેશાબ માલુમ પડેલ, ગર્ભાશયમાં જોતાં કંઈ અજુગતુ માલુમ પડેલ નહી. તેણીના નીચે મુજબના વિસરા લઈ એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલવામાં આવેલા.

(૧) હોઝરી તેમજ આંતરડાનો નાનો ભાગ કે જે મીઠાના પાણીમાં મુકીને મોકલેલ. (૨) ચકૃત, બરોડ,મૃતપીંડો અને ફેફસાના ભાગ લઈ મીઠામાં પાણીમાં મુકીને મોકલેલા.

સાહેદે વધુમાં પોતાના પુરાવામાં જણાવેલ છે કે કરોડ અને કરોડ રજુમાં કંઈ અજુગતુ માલુમ પડેલ નહી. ઉપરોકત શબનું શબ પરીક્ષણ કર્યા બાદ તેણીના મૃત્યુનું કારણ એફ.એસ.એલ. રીપોર્ટ આવે ત્યાં સુધી પેન્ડીંગ રાખેલ. તેમને નિ.૩/૨૧ બતવાતા જે પી.એમ. નોટ છે, જેમાં તેમની તથા પેનલ ડો.એ.આર.પ્રજાપતિની

સહી છે, જે ઓળખી બતાવેલ છે. પી.એમ.નોટ આંક–૩૩ થી રજુ કરેલ છે.

(૧૯.૧) **આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે** મરણજનારના શરીર ઉપર કોઈપણ જાતના ઈજાના નિશાન હતા નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ કરેલા પી.એમ. દરમ્યાન મરણજનારનું પ્રાથમિક સંભવિત કારણ જણાવેલ નથી.

**<u>પંચ સાહેદોનો પુરાવો :–</u>**

(૨૦) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧ રાવળ પોપટભાઈ જુગાભાઈને આંક–૯ થી** તથા સાહેદ નં.૬ રાવળ નેહાબેન અશ્વીનભાઈને આંક–૧૮ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૧/૬/૨૦૨૨ ના રોજ પોલીસે તેઓને ૧૧.૦૦ વાગ્યે લાયન્સ હોસ્પીટલ, મહેસાણા ખાતે બોલાવેલા અને કઈ બાબતનું પંચનામું હતુ તે તેમને ખબર નથી. આ બંને પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને આ બંને પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિગતવાર પુછપરછ કરવા છતાં પણ આંક–૧૦ ના ઈન્કવેસ્ટ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૨૧) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૨ તશાજી પ્રધાનજી ઠાકોરને આંક–૧૧ થી** તથા સાહેદ નં.૩ ભરતજી કાંતીજી ઠાકોરને આંક–૧૩ થી

તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૧/૬/૨૦૨૨ ના રોજ તેમના ગામ ધોળાસણ ડેરીની બાજુમાં હાજર હતા તે વખતે ગામમાં પોલીસ આવેલ હતી અને પોલીસે તેમની પાસેના તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. પંચનામું કઈ બાબતનું હતુ તે તેઓ જાણતા ન હોવાનું જણાવેલ છે. આ બંને પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને આ બંને પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિગતવાર પુછપરછ કરવા છતાં પણ આંક–૧૨ ના ગુનાવાળી જગ્યાના પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૨૨) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૪ મહેશજી સોનાજી ઠાકોરને આંક–૧૪ થી** તથા સાહેદ નં.૫ જુહાજી સેંધાજી ઠાકોરને આંક–૧૬ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૧/૬/૨૦૨૨ ના રોજ તેમના ધોળાસણ ગામમાં રીક્ષા સ્ટેન્ડે હતા તે વખતે પોલીસ તેમની પાસેના તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. પંચનામું કઈ બાબતનું હતુ તે તેઓ જાણતા ન હોવાનું જણાવેલ છે. આ બંને પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને આ બંને પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિગતવાર પુછપરછ કરવા છતાં પણ આંક–૧૫ ના મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**<u>પો.ઇ.શ્રીનો પુરાવો :–</u>**

(૨૩) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૨ તરીકે વનરાજસિંહ રઘુવિરસિંહ ચાવડાને આંક –૫૫** થી તપાસાવમાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ જુન ૨૦૨૨ માં લાંઘણજ પો.સ્ટે.માં ઇ.ચાર્જ પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમના પો.સ્ટે.માં લાયન્સ હોસ્પીટલમાંથી વર્ધી આવતા તેઓ તા.૧૧/૬/૨૦૨૨ ના રોજ લાયન્સ હોસ્પીટલમાં જઇ લીલાબેન બળદેવભાઇ રાવળ, રહે.રાંધેજા, તા.જી.ગાંધીનગરવાળાઓએ બનાવની ફરીયાદ હકીકત તેમની રૂબરૂ જાહેર કરતા તેઓએ તેમના લખાવ્યા મુજબની ફરીયાદ હકીકત લખી લીધેલ. તેમને આંક–૪૦ વાળી ફરીયાદ બતવાતા તેમાં ફરીયાદીની સહી તથા રૂબરૂમાં તેમની સહી છે. જે ઓળખી બતાવેલ છે. સદર ફરીયાદ રજીસ્ટર કરવા સારૂ તેઓએ તેમના પો.સ્ટે.મોકલી આપેલી. તેઓએ ફરીયાદ સિવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ તેમની રૂબરૂમાં તા.૧૧/૬/૨૨ ની ફરીયાદમાં જે હકીકત લખાવેલી છે કે ''મારી દિકરી દક્ષીણા તેની સાસરીમાં કોઇ ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય જેથી આ ત્રણેય વિરૂધ્ધ કાયદેસર થવા ફરીયાદ છે.''

(૨૩.૧) **આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે** ફરીયાદીની ફરીયાદ લીધી તે સમયે તેના સગા સબંધીઓ સાથે હતા. એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે ફરીયાદની હકીકત સાથે આવેલ સગાસબંધીઓએ લખાવેલી.

**<u>ત.ક.અધિ.શ્રીનો પુરાવો :–</u>**

(૨૪) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૩ તરીકે રમેશભાઇ શીવાભાઇ બારોટને આંક –૫૭** થી તપાસાવમાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તે જુન–૨૦૨૨ માં તેઓ લાંધણજ પો.સ્ટે.માં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે તા. ૧૧/૬/૨૨ ના રોજ તેઓ પો.સ્ટે.માં હાજર હતા તે દરમ્યાન પી.એસ.ઓ, એ.એસ.આઈ મનોજકુમા કાંતીલાલે, ફ.ગુ.ર.નં.૩૫૯/૨૨, ઈ.પી.કો કલમ ૩૦૬,૩૨૩, ૪૯૮(ક), ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ સારૂ ડેપ્યુટ હુકમ સાથે તેઓને સોપતા ફરીયાદીની ફરીયાદ ઈ.ચાર્જ પી.આઈ. વી.આર.ચાવડાનાઓની રૂબરૂની હોઈ, જે વંચાણે લઈ તેઓ ગુનાવાળી જગ્યાએ ધોળાસણ ગામે આવ્યા અને બે પંચોના માણસો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને ગુનાવાળી જગ્યાએ તપાસણી સારૂ એફ.એસ.એલ બોલાવવા મહેસાણા એસ.પી. કચેરીએ મેસેજ મોકલેલ. બાદ તા.૧૧/૬/૨૨ ના રોજ તેઓએ ગુનાવાળી જગ્યાએ જઈ મરનાર રાવળ દક્ષીણાબેનની બનાવ વખતે પહેરેલ સાડી તેમના સાસુએ રજુ કરતાં પંચો રૂબરૂ સાડી કબજે કરેલ અને આ બાબતે મરનારની લાશને ઈન્વેસ્ટ પંચનામુ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી આર.કે.પંચાલ નાઓ તથા એ.એસ.આઈ ભગવાનજી લાંધણજ પો.સ્ટે.રૂબરૂ પંચો રૂબરૂ કરેલ પંચનામુ તેમજ દવાખાના વર્ધી નં.૧૮૮/૨૨ ના કામે જાણવા જોગ નં. ૨૯/૨૨ ના કાગળો પી.એસ.ઓએ તેઓને આપતા વંચાણે

લઈ કામમાં સામેલ રાખેલ અને ગુનાવાળી જગ્યાની આજુબાજુના રહીશોના નિવેદન લીધેલા. બાદ આ કામે મરનારના પીને માણસો રાંધેજા તા.જી.ગાંધીનગર ખાતે રહેતા હોઈ રાંધેજા જઈ મરનારના પીયર પક્ષના માતા પિતા વિ.ના બનાવ સબંધે પુછપરછ કરતાં ફરીયાદીની ફરછીયાદ હકકીત મુજબ વિગત જણાવતા હોઈ અલગ અલગ નિવેદન લીધેલ. એફ.એસ.એલ અધિ.શ્રી મહેસાનાઓ ગુનાવાળી જગ્યાએ પધારતા હકીકતથી વાકેફ કરી ગુનાવાળી જગ્યાની તપાસણી કરાવેલી. બાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ આરોપી નં.૩ લીલાબેનને નામ.સેશન્સ કોર્ટ મહેસાના આગોતરા હુકમ આધારે તા. ૨૨/૬/૨૨ ના રોજ અટક કાર્યવાહી કરેલ અને તુર્તજ જામીનમુકત કરેલ અને આરોપી નં.૨ રાવળ દશરથભાઈ સેંધાભાઈનાઓને નામ.સેશન્સ કોર્ટ મહેસાણાના આગોતરા હુકમ આધારે તા.૨૭/૬/૨૨ ના રોજ રોજ અટક કાર્યવાહી કરેલ અને તુર્તજ જામીનમુકત કરેલ અને આરોપી નં.૧ રાવળ આનંદ દશરથભાઈને તા. ૨૯/૬/૨૨ ના રોજ ક.૨૨.૩૦ વાગે અટક કરી મુદત અંદર નામ.કોર્ટમાં રજુ કરેલ અને કબજે લીધેલ મુદ્દામાલ તપાસણી સારૂ એફ.એસ.એલ ગાંધીનગર ખાતે મોકલી આપેલ અને જોરણંગ સી.એચ.સી કેન્દ્ર તેમજ લાયન્સ હોસ્પીટલ મહેસાણાનાઓનુ મરનારની કરેલ સારવાર સર્ટી. તેમજ સીવીલ હોસ્પીટલ મહેસાણામાં મરનારનુ કરેલ પી.એમ.ની પી.એમ.નોટ મેળવી આરોપીઓ વિરૂધ્ધ તા.૧૮/૭/૨૨ ના રોજ ચાર્જશીટ કરી નામ.કોર્ટમાં મોકલવા

કાઈમશાખામાં સોપેલ. આરોપી નં.૧ નામ.કોર્ટમાં હાજર છે અને આરોપી નં.૨ અને ૩ નો રીપોર્ટ છે.

(૨૪.૧) **આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે** ગુનાવાળી જગ્યાની આજુબાજુમાં રહેતા લોકોના નિવેદનો તેઓએ ચાર્જશીટના કામે સામેલ રાખેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે આ કામે તમામ નિવેદનો ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલા અને તમામ પંચનામા જાતે તૈયાર કરી તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલ. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૨૫) ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા સ્પષ્ટ ફલીત થાય છે કે ફરીયાદી મરણજનારની માતા રાવળ રમીલાબેનનો આંક-૩૯ નો પુરાવો જોતાં ફરીયાદ હકીકત કે ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. તેમની દિકરીનું મોત કયા કારણ થયેલું તે તેમને ખબર નથી. તેમની દિકરી કોઇ દિવસ આરોપીઓના ત્રાસથી કંટાળીને તેમના ઘરે આવેલ હોય તેવું બનેલ નથી. દવાખાનામાં તેઓને તેમની દિકરી સાથે કોઇ વાત થયેલ નહી અને તેઓએ તેમની દિકરીની અંતિમક્રિયા સારૂ તેના પિયરમાં લઈ જવા કોઇ પ્રયત્ન કરેલ નહી કે પોલીસને કોઇ વાતચીત કરેલ નહી અને દવાખાનાનું બીલ તેમના જમાઇએ ભરેલું અને તેમની

દિકરી મૈયત થઇ ગઇત્યારપછી તેની ભાણી આર્યાને લઇ જવા તેઓએ કોઇ કાર્યવાહી કરેલ નથી અને પોલીસ ફરીયદા લેવા આવી ત્યારે તેમની સાસરી પક્ષના તેમજ તેમના કુટુંબી હાજર હતા અને ફરીયાદ તેમના કુટુંબવાળાએ ભેગા થઇ લખાવેલ હોવાનું સ્વીકારેલ છે. આમ, ફરીયાદીનોનો પુરાવો જોતાં આરોપીઓએ મરણજનારને કોઇ માનસિક કે શારીરિક ત્રાસ આપેલ હોય અને તે કારણે મરણજનારે ઝેરી દવા પી આત્મહત્યા કરેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

(૨૬) આ કામે મરણનારના પિતા સાહેદ બળદેવભાઇ સોમાભાઇ રાવળનો આંક-૪૯ નો પુરાવો જોતાં આ સાહેદે પણ તેમની દિકરી દક્ષીણા લગ્ન કર્યા બાદ ધોણાસણ મુકામે રહેતી અની અને તેના લગ્ન જીવન દરમ્યાન શું બનાવ બનેલ તેની તેમને કંઇ ખબર નથી અને તે વિશે તેઓને કોઇએ કંઇ કીધેલ નથી કે તેઓ કંઇ જાણતા નથી અને તેમની દિકરી દક્ષીણાને તેના સસરા દશરથલાલ અને તેની દિકરીનો ત્રાસ હતો તેવી તેમને માહીતી મળેલ, આનંદ કોઇ ત્રાસ આપતો હોય તેવું તેમને લાગતુ ન હોવાનું જણાવેલ છે. આ સાહેદે ઉલટતપાસમાં તેમની દિકરી આનંદના ઘરેથી કયારેય રીસાઇને આવેલ નથી અને રીસાઇને તેમના ઘરે આવેલ હોય તે કારણે તેઓએ આનંદ વિરૂધ્ધ કોઇ કેસ કર્યા હોય તેવું બનેલ નથી અને તેમની દિકરીને દવા પીધેલી હાલતમાં આનંદજ દવાખાને લઇ લઇ ગયેલો અને સારવારનો અને દવાનો તમામ ખર્ચ આનંદે કરેલ હોવાનું સ્વીકારેલ છે. આમ, આ સાહેદના પુરાવાથી પણ

આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો મળી આવતો નથી. આમ, આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી.

(૨૭) વધુમાં મેડીકલ ઓફીસર શ્રી ડો.લાલકૃષ્ણ ડાહ્યાલાલ જોષીનો આંક–૨૦ નો પુરાવો જોતાં આ ડો.શ્રી પાસે મરણજનાર દક્ષીણાબેનને તેના સગાસબંધીઓ સારવાર સારૂ લાવેલા અને મરણજનાર સંપુર્ણ ભાનમાં હતા અને તેઓએ આ સાહેદ સમક્ષ દવા પીધેલ હોવાનું જણાવેલ પરંતુ કંઇ દવા પીધેલ તેવું જણાવેલ નહી અને દર્દીએ કોઇના ત્રાસથી ઝેરી દવા પીધેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી અને આ સાહેદે ફકત નળી નાખ્યા સિવાય બીજી કોઇ સારવાર કરેલ નથી અને દર્દીને લાયન્સ હોસ્પીટલમાં વધુ સારવાર સારૂ મોકલી આપેલ હોવાનું ફલીત થાય છે.

મેડી ઓફીસર શ્રી ડો.પંકજભાઇ મહેન્દ્રભાઇ પંચાલનો આંક–૨૫ નો પુરાવો જોતાં આ સાહેદે મરણજનાર દક્ષીણાબેનની સારવાર કરેલી છે અને સારવાર દરમ્યાન તા.૧૧/૬/૨૨ ના રોજ સવારે ૫.૩૫ કારડ્રીઓ રેસ્પીરેટરી એરેસ્ટ (હૃદય અને ફેફસા બંધ પડી જવાથી) મૃત્યુ પામેલ હોવાનું જણાવેલ છે. આ સાહેદ સમક્ષ દર્દીને લાવેલ ત્યારે બેભાન અવસ્થામાં હતા અને દાખલ કરેલ ત્યારથી તા.૧૧/૬/૨૨ ના રોજ મૃત્યુ પામેલ ત્યાં સુધી ભાનમાં આવેલ નહી અને દર્દીના શરીર ઉપર કોઇ જાતના ઇજાના નિશાન ન હતા.

વધુમાં ડો.કેતનકુમાર કનુભાઇ પટેલનો આંક–૩ર નો પુરાવો જોતાં આ સાહેદે મરણજનાર દક્ષીણાબેન વા/ઓફ આનંદભાઇ રાવળના શબનુ પરીક્ષણ કરી આંક–૩૩ થી પી.એમ.નોટ રજુ કરેલી છે. આ સાહેદે શબનુ પરીક્ષણ કર્યા બાદ તેણીના મૃત્યુનું કારણ એફ.એસ.એલ. રીપોર્ટ આવે ત્યાં સુધી પેન્ડીંગ રાખેલ હોવાનું જણાવેલ છે. સાહેદે ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે મરણજનારના શરીર ઉપર કોઇપણ જાતના ઈજાના નિશાન ન હતા કે કોઇ ફ્રેકચર માલુમ પડેલ નહી અને તેઓએ કરેલા પી.એમ. દરમ્યાન મરણજનારનું પ્રાથમિક સંભવિત કારણ જણાવેલ નથી.

આમ, મેડીકલ ઓફીસરશ્રીઓના પુરાવાનું મુલ્યાંકન કરતા મરણજનારના શરીર ઉપર કોઇપણ જાતના ઈજાના નિશાન ન હતા અને ગુજરનારનું મૃત્યુ નું કારણ કારડ્રીઓ રેસ્પીરિટરી એરેસ્ટ (હૃદય અને ફેફસા બંધ પડી જવાથી) હોવાનું જણાઇ આવે છે.

(૨૮) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા તમામ પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને તેઓએ પંચનામાઓની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સાહેદ વનરાજસિંહ વિરસિંહ ચાવડાનો આંક–૫૫ નો પુરાવો ધ્યાને લેતાં તેઓએ ફરીયાદીની ફરીયાદ લઇ ગુનો રજીસ્ટર કરવા સારૂ મોકલી આપેલ તે સિવાય અન્ય કોઇ તપાસની કાર્યવાહી કરેલી નથી.

(૨૯) ફરીયાદક્પક્ષે રજુ ત.ક.અધિ.શ્રી રમેશભાઇ શીવાભાઇ બારોટનો આંક–૫૭ નો પુરાવો જોતાં તેઓએ મુખ્યત્વે તપાસને લગતી કરેલ કામગીરી અંગેનો પુરાવો આપેલ છે.

(૩૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૫૮ થી ૮૧ ના દસ્તાવેજો બચાવપક્ષે સંમતિથી આંકે પડેલા છે. આંક–૮૧ થી રજુ થયેલ એફ.એસ.એલ.,અમદાવાદનો ઝેરશાત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ વંચાણે લેતાં એલ્યુમીનીયમ ફોસ્ફાઇડ નામના અકાર્બનિક પ્રકારના રાસાયણિક ઝેરના ઘટકોની હાજરી શોધાયેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

(૩૧) ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપીઓએ ગુજરનાર દક્ષીણાબેનને મારઝુડ કરેલ હોય કે માનસિક ત્રાસ આપેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી. ફરીયાદપક્ષે રજુ થેલ પુરાવો જોતાં ગુજરનાર દક્ષીણાબેનને ત્રાસ હોવા બાબતેની કોઇ પોલી ફરીયાદ આ બનાવ અગાઉ કરેલ હોય તેવી પણ કોઇ હકીકત ફરીયાદપક્ષે રજુ થયેલ નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ બે મહત્વના સાહેદ એવા ફરીયાદી/મરણજનારની માતા અને પિતાનો પુરાવો જોતાં ફરીયાદી હોસ્ટાઇલ જાહેર થયેલા છે તેમજ આ બંને સાહેદોના પુરાવાથી આરોપીઓ ધવારા ગુજરનારને ત્રાસ અપાતો હોવાની હકીકત તેઓને મરણજનાર દક્ષીણાબેને જણાવેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી, આરોપીઓ ધ્વારા મરણજનારને માનસિક

અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હોય તેવી પણ કોઈ હકીકત પુરાવામાંથી ફલીત થતી નથી તેમજ આ સાહેદોએ આરોપીઓએ મરણજનારને શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાની હકીકત જોયેલ હોય કે કોઈ વ્યકિતીની હાજરીમાં બનાવ બન્યો હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી. ગુનાવાળી જગ્યાની આજુબાજુ રહેતા લોકોના નિવેદનો લીધેલા નથી કે કોઈ સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલા નથી. માત્ર એકાદ બનાવ કે ઘરમાં સામાન્ય બોલાચાલી કે ઉગ્ર વાતચીત એ દુપ્રેરણનું કારણ બની શકે નહી. દુષપ્રેરણ માટે આરોપીઓનો ઈરાદો સ્ત્રીને આત્મહત્યા તરફ પ્રેરતો હોવો જોઈએ અને તેથી તેવા સંજોગોમાં આરોપીઓને આત્મહત્યાની મદદગારી માટે દોષીત ઠરાવી શકાય નહી. બનાવના તુર્તના (પહેલાના નજીકના ગાળામાં) સમયમાં મરનારને ત્રાસ અને હેરેસમેન્ટ આરોપીઓ તરફથી થયેલું અને તેને પરીણામે મરનારને આપઘાત કરવા ઈન્સ્પીરિશન મળેલું હોય તેવા સમર્થન વિનાના પુરાવા સિવાય ફકત એલીગેશન કુરતા અને હેરેસમેન્ટ બાબતના કરવાથી તે ઈ.પી.કો.કલમ–૩૦૬ નો ગુનો બનતો હોવાનું માની શકાય નહી. ફરીયાદપક્ષે રજુ થયેલ સાહેદોનો પુરાવો જોતાં આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો ફલીત થતો નથી.

વધુમાં મેડી.ઓફી.શ્રી ડો.પંકજભાઈ મહેન્દ્રભાઈ પંચાલનો આંક–૨૫ નો પુરાવો જોતાં મૃત્યુનું કારણ કારડ્રીઓ રેસ્પીરિટરી એરેસ્ટ (હૃદય અને ફેફસા બંધ પડી જવાથી) હોવાનું જણાઈ આવે

છે. આ સંજોગોમાં રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં હાલના કામમાં એવું બહાર આવે છે કે દક્ષીણાબેનનું મૃત્યુ અકુદરતી મૃત્યુ છે પરંતુ ફરીયાદપક્ષ એ હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે આ મૃત્યુ સુસાઇડલ ડેથ છે કે એકસીડન્ટલ ડેથ છે. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આરોપીઓ તરફથી ગુજરનાર દક્ષીણાબેનને શારીરિક માનસિક ત્રાસ હતો અને આરોપી નં.૧ અન્ય સ્ત્રી સાથે સબંધ ધરાવતા હોય તેથી પણ ઝઘડા થતાં હતા અને આરોપીઓના ત્રાસના કારણે મરણજનાર દક્ષીણાબેને આત્મહત્યા કરેલ હોય તેવો કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ તરફથી રજુ થઇ શકેલ નથી કે જેને આધારભુત અને વિશ્વાસપાત્ર માની આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય.

(૩૨) આમ, સમગ્ર પુરાવાનું જીણવટભરી રીતે મુલ્યાંકન કરતા આ કામે મરણજનાર દક્ષીણાબેનનું મૃત્યુ અકુદરતી મૃત્યુ હોવા છતાં તેવું અકુદરતી મૃત્યુ અને ત્રાસ કે ક્રુરતા વચ્ચેનો સબંધ પુરવાર થતો નથી. પરણીત સ્ત્રી દક્ષીણાબેનનું મૃત્યુ લગ્ન જીવવના આઠ વર્ષની અંદર થયુ હતુ. તેણીને લગ્ન દરમ્યાન એક દિકરી નામે આર્યાનો જન્મ થયેલ અને તેણીના પતિ આરોપી નં.૧ આનંદભાઇ નાઓને અન્ય સ્ત્રી સાથે આડા સબંધ હોવાના કારણે, મરણજનાર આ બાબતે વારંવાર કહેતા, મરણનારને અવાર નવાર ધમકીઓ આપી આરોપીઓ મારઝુડ કરતા હોઇ, મરણજનારને માનસિક અને શારીરિક ત્રાસ આપી હેરાન પરેશાન કરતા હોવાથી, આરોપીઓના ત્રાસના કારણે દક્ષીણાબેન આપઘાત કરવા પ્રેરાય

તેવું જાણીબુઝીને વર્તન કરતા હોય અને તે કારણે ફરીયાદીની દિકરી દક્ષીણાબેન ઝેરી દવા પી જઇ આત્મહત્યા કરેલ હોય તે મુજબનો કોઇ ચોકકસ, સ્પષ્ટ પુરાવો ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી. સમગ્ર લગ્ન જીવન દરમ્યાન તેણીને તેના પતિ, સાસુ અને નણંદ કે જે આરોપીઓ છે તેના ધ્વારા આત્મહત્યા કરવા ઉશ્કેરણી કરવામાં આવેલ હોય કે કોઇપણ પ્રકારની ક્રુરતા કે આત્મહત્યા કરવા માટે ઉશ્કેરણી કરી, તેણી આત્મહત્યા કરે તેમજ કોઇપણ પ્રકારની મદદગારી કરેલ હોય અને તેવી આચરવામાં આવેલી ક્રુરતા તથા તેણીના આત્મહત્યા વચ્ચે સીધો સબંધ હોય તેમ જણાઇ આવતું નથી. એટલુંજ નહિ, ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૧૦૭ માં મદદગારીની જે વ્યાખ્યા કરવામાં આવેલી છે તે મુજબ પણ આરોપીઓએ જાણીબુઝીને, સ્વેચ્છાપુર્વક, ઇચ્છાપુર્વક તથા ઈરાદાપુર્વક મરણજનારને આત્મહત્યા કરવા માટેની સરળતા કરી આપેલ હોય કે તેણીને સતત અને અવીરતપણે તેણીના મૃત્યુ પહેલા, કોઇપણ પ્રકારની ક્રુરતા કે ઉશ્કેરણી કે હેરાનગતિ કરેલ હોય અને આ સતત આપવામાં આવેલ ત્રાસ એવા પ્રકારનો હોય કે વ્યકિતને ભવિષ્યના જીવનની કોઇ આશા ન રહે અને સતતભય ઉત્પન્ન થતો હોય અને જીવન જીવવાનુ અતિ મુશ્કેલ બની ગયેલ હોય કે તેણી પ્રત્યે કૃરતા આચરવામાં આવેલ હોય કે મૃત્યુ અગાઉના તરતના સમયમાં પણ તેણીને શારીરિક કે માનસિક ત્રાસ આપવામાં આવેલ હોય તે મુજબનો પણ કોઈ જ પુરાવો મરણજનારના શબ પરિક્ષણ દરમ્યાન પણ જણાઈ આવેલ નથી. ઉપરોક્ત જણાવ્યા મુજબની કોઈ જ હકીકતો

લેખિત તથા મૌખિક પુરાવામાંથી જણાઈ આવતી ન હોઈ, આ કામના આરોપીઓ દ્વારા મરણ જનારે કરેલ આત્મહત્યામાં તેણીને મદદગારી ઈરાદાપુર્વક કરેલ હોય કે શારીરિક કે માનસિક ત્રાસ આપવામાં આવેલ હોય તેમ જણાઈ આવતુ ન હોઈ, આ કામે મરણજનાર દક્ષીણાબેનનું મૃત્યુ અકુદરતી રીતે લગ્ન જીવનના સાત વર્ષના સમયગાળાની અંદર થયેલ હોવા છતાં, તેવુ થયેલ મૃત્યુ આરોપીઓના શારીરિક કે માનસિક ત્રાસને કારણે થયેલ હોવાનુ કે તેણીએ કરેલ આત્મહત્યામાં, આરોપીઓએ મદદગારી કરેલ હોવાના આવશ્યક તત્વો પુરતા પુરાવાના અભાવે પુરાવાર થતા ન હોઈ, ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ નથી તેમ ઠરાવી મુદ્ધા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્ધા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **<u>આ ખ રી હુ ક મ</u>** //

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે આરોપી નં. (૧) રાવળ આનંદભાઇ દશરથભાઇ,(૨) રાવળ દશરથભાઇ સેંધાભાઇ,(૩) રાવળ પુંજાબેન ડો/ઓ દશરથભાઇ સેંધાભાઇ, તમામ રહે.ધોળાસણ, તા.જી.મહેસાણાનાઓને ઇ.પી.કો.કલમ-૩૦૬, ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ તમામ નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો.

(૩) જો આ કામે અપીલ થાય તો ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ દરેક આરોપીએ અપીલ અદાલતમાં હાજર રહેવા અંગે રૂા.૫૦,૦૦૦/– (પચાસ હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા રજુ કરવા.

આ હુકમ આજરોજ તા.૧લી માહે મે, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૧/૦૫/૨૦૨૬ **(એસ.એસ.કાળે)**

સ્થળ : મહેસાણા. ચોથા એડીશ્નલ સેસન્શ જજ, મહેસાણા.

**(કોડ નંબર : જીજે ૦૦૭૫૩)**